અપીલ અરજી નં.૮૪ તા.૩૦–૬–૦૯/૧૦

અરજદારઃ– શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળાઃ–શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષયઃ**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા.૨–૬–૦૯ ની અરજીથી સબંધિત વિભાગમાં તા.૧૯–૧–૦૯ ના રોજ સુરત મહાનગરપાલિકા તરફથી બનાવવામાં આવેલ જાહેર મુતરડીમાં જરૂરી સુવિધા ન હોવા બાબતે વિગતવાર અરજી કરેલ તે મુજબ અધિકારીએ કર્મચારી પાસે તમામ મુતરડીમાં શું શું તપાસ કરવામાં આવી અને હાલમાં શું કાર્યવાહી કરવામાં આવેલ છે તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૩૦–૬–'૦૯ ની અપીલ અરજી નં.૮૪/૨૦૦૯–૧૦

શ્રી હેમંત એન. દેસાઈની તા.૨–૬–૦૯ ની અરજીથી સબંધિત વિભાગમાં તા.૧૯–૧–૦૯ ના રોજ સુરત મહાનગરપાલિકા તરફથી બનાવવામાં આવેલ જાહેર મુતરડીમાં જરૂરી સુવિધા ન હોવા બાબતે વિગતવાર અરજી કરેલ તે મુજબ અધિકારીએ કર્મચારી પાસે તમામ મુતરડીમાં શું શું તપાસ કરવામાં આવી અને હાલમાં શું કાર્યવાહી કરવામાં આવેલ છે તેની માહિતી આપવા બાબતે તદ્દન ખોટા અને સંતોષકારક જવાબ નથી તેવું જણાવી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૦–૬–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૩૩૭ તા.૭–૭–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી.

અરજદારે ૧૯–૧–૦૯ ના રોજ સુરત મહાનગરપાલિકા તરફથી જરૂરી જગ્યા પર જાહેર મુતરડી જનતા માટે બનાવવામાં આવેલ હોઈ જેમાં જરૂરી સુવિધા નળ કનેકશન તેમજ પાણીના નિકાલની વ્યવસ્થા ન હોવાને કારણે તેમજ રેગ્યુલર સફાઈ થતી નથી જેને કારણે ગંદકી પુષ્કળ થાય છે અને લાઈટની સુવિધા પણ હોતી નથી જેવી ફરીયાદ કાર્યપાલક ઈજનેર હાઉસીંગ વિભાગને સંબોધીને કરવામાં આવેલ જે બાબતે તા.૨–૬–૦૯ ના રોજ આરટીઆઈ હેઠળ અરજી કરીને તા.૧૯–૧–૦૯ ના રોજ કરેલ અરજી અંગે શું તપાસ કરવામાં આવી અને શું કાર્યવાહી કરવામાં આવી તેની માહિતી માંગતી અરજી કાર્યપાલક ઈજનેર હાઉસીંગ વિભાગને કરવામાં આવેલ. જે અંગે આરટીઆઈ/આ.નં.૩૫૧ તા.૨૫–૬–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી " ઉપલબ્ધ રેકર્ડ તપાસતાં આવી કોઈ તપાસ કરેલ નથી અત્રેથી મુતરડીઓમાં જરૂરી સુવિધા માટે રીપેરીંગની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે." તેવી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જે અંગે અરજદારે અરજી બાબતે તપાસ ન કરવા અંગે ચોકકસ કારણ પણ જણાવવામાં આવેલ નથી તથા અરજીમાં જણાવેલ પૈકી કઈ મુતરડી માટેની સુવિધા કરવામાં આવી રહેલ છે તેમજ સુવિધા બાબતે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી અને ખોટી માહિતી આપેલ છે તેવી રજૂઆત અપીલ તબકકે કરેલ છે. આમ અરજદારની માંગેલ માહિતીની વિગતો પૂરી પાડવામાં આવેલ છે.અરજદારે અપીલ તબકકેની રજૂઆત મુળ અરજીથી અલાયદી પૂરક પ્રશ્નો ઉપસ્થિત કરી માહિતી માંગેલ છે.

### હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨–૬–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને પૂરી પાડેલ હોઈ અપીલ અંગે વિશેષ કોઈ હુકમ કરવાનો રહતો નથી તેથી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદા પૂરક પ્રશ્નો ઉપસ્થિત કરેલ છે જે અંગે લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરી દફતર તપાસણી સહિતની માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭ –૦૯

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલ ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી હેમંતભાઈ એન. દેસાઈ,